# ચિલ્ડ્રન્સ યુનિવર્સિટી

બેઠક ક્રમાંક-૨/૨૦૧૪

## ગાંધીનગર

## એક્ઝિક્યુટીવ કાઉન્સિલની બેઠક

તા.૦૬/૦૬/૨૦૧૪ સમયઃ૧૦:30 કલાક

સ્થળઃ ચિલ્ડ્રન્સ યુનિવર્સિટી, ગાંધીનગર

## -કાર્યવાહી નોંધ-

(મિનિટ્સ)

## એક્ઝિક્યુટીવ કાઉન્સિલની મીટિંગ

તા.૦૬/૦૬/૨૦૧૪

ચિલ્ડ્રન્સ યુનિવર્સિટીની એક્ઝિક્યુટીવ કાઉન્સિલની પ્રથમ મીટિંગ મા.કુલપતિશ્રીના અધ્યક્ષ સ્થાને તા.૦૬/૦૬/૨૦૧૪ને શુક્રવારના રોજ ચિલ્ડ્રન્સ યુનિવર્સિટી, ગાંધીનગર મુકામે મળી હતી. જેમાં સભ્યશ્રીઓની ઉપસ્થિતી અને અનઉપસ્થિતી નીચે મુજબ હતી.

| | | | |
|---|---|---|---|
| 1. | મા.કુલપતિ શ્રી હર્ષદભાઇ શાહ | અધ્યક્ષશ્રી | હાજર |
| 2. | ગુજરાત સરકારના સચિવશ્રી ઉચ્ચશિક્ષણ<br>મા. શ્રી ડી.એમ.સોલંકી<br>(સંયુક્ત શિક્ષણ નિયામકશ્રી, ઉચ્ચ શિક્ષણ કમિશનરશ્રીની કચેરી, ગાંધીનગર) | સભ્યશ્રી | હાજર |
| 3. | ગુજરાત સરકારના સચિવશ્રી નાણાવિભાગ<br>મા. શ્રી જે.ડી.દવે<br>(પ્રતિનિધિ-નાણા વિભાગ, નાણા સલાહકાર) | સભ્યશ્રી | હાજર |
| 4. | ઉચ્ચશિક્ષણ કમિશનર ગુજરાત રાજ્ય<br>મા. શ્રી ડી.એમ.સોલંકી<br>(સંયુક્ત શિક્ષણ નિયામકશ્રી, ઉચ્ચ શિક્ષણ કમિશનરશ્રીની કચેરી, ગાંધીનગર) | સભ્યશ્રી | હાજર |
| 5. | મા.ડાp.ઘનશ્યામભાઇ ડી. રાવલ | સભ્યશ્રી | હાજર |
| 6. | મા.શ્રી નીપાબેન મહેતા | સભ્યશ્રી | હાજર |
| 7. | મા. ડાp.સુજલ એ.મુન્શી | સભ્યશ્રી | હાજર |
| 8. | મા. ડાp.મહેન્દ્રભાઇ પી. ચોટલિયા | સભ્યશ્રી | હાજર |
| 9. | મા.શ્રી એમ.જી.વ્યાસ<br>(ફાઇનાન્સ એન્ડ એકાઉન્ટ્સ ઓફિસર(I/C) ) | સભ્યશ્રી | હાજર |
| 10. | મા.શ્રી અમિત આઇ.જાની<br>(રજિસ્ટ્રારશ્રી(I/C) ) | સભ્ય સચિવશ્રી | હાજર |

- આ સાથે એક્ઝિક્યુટીવ કાઉન્સિલ મીટિંગની કાર્યવાહી નોંધ(મિનિટ્સ) સામેલ છે.

# એક્ઝિક્યુટીવ કાઉન્સિલની કાર્યવાહી

બાબત ક્રમાંકઃ૧- તા.૧૭/૦૧/૨૦૧૪ના રોજ મળેલી એક્ઝિક્યુટીવ કાઉન્સિલની મીટિંગની કાર્યવાહીને મંજૂરી આપવા બાબત. (બિડાણ-૧).

ઠરાવ ક્રમાંક-૧ તા.૧૭/૦૧/૨૦૧૪ના રોજ મળેલ એક્ઝિક્યુટીવ કાઉન્સિલની કાર્યવાહીને સર્વાનુમતે મંજૂરી આપવામાં આવે છે.

બાબત ક્રમાંકઃ૨- : તા.૧૭/૦૪/૨૦૧૪ના રોજ મળેલી નાણાસમિતિની ભલામણો બાબત. (બિડાણ-૨)

ઠરાવ ક્રમાંક-૨ નાણાસમિતિની ભલામણો નીચેના મુજબ બે સુધારા સાથે સર્વાનુમતે મંજૂર કરવામાં આવે છે.

તા.૧૭/૦૪/૨૦૧૪ના રોજ મળેલ નાણાસમિતિની બાબત ક્રમાંક-૧૦(૨)ના ઠરાવમાં દર્શાવેલ સુધારેલી જોગવાઇઓના ક્રમ.નં-૧માં દર્શાવવું કે શક્ય હોય ત્યાં સુધી ત્રણ ભાવપત્રક લેવા તેમજ ક્રમ.નં-૩માં રૂા. ૩ લાખ કે તેથી વધુ તેમ દર્શાવવું.

બાબત ક્રમાંકઃ૩- : 'વિદ્યાવાન' પ્રોજેક્ટ અને તેની વ્યવસ્થાઓ અંગેની દરખાસ્ત બાબત. (બિડાણ-૩).

ઠરાવ ક્રમાંક-૩ 'વિદ્યાવાન' પ્રોજેક્ટ તથા તેની વ્યવસ્થાઓ અંગેની દરખાસ્ત સર્વાનુમતે મંજૂર કરવામાં આવે છે. આ અંગે આનુસંગિક તમામ કાર્યવાહી કરવાની સત્તા મા.કુલપતિશ્રી આપવામાં આવે છે. વધુમાં ઠરાવવામાં આવે છે કે 'વિદ્યાવાન'માં ઇન્ટરનેટની ફેસીલિટી આપવી.

એક્ઝિક્યુટીવ કાઉન્સિલની મીટિંગ

તા.૦૬/૦૬/૨૦૧૪

બાબત ક્રમાંકઃ૪- : **ગુજરાત આર્યુર્વેદિક યુનિવર્સિટી સાથે ચિલ્ડ્રન્સ યુનિવર્સિટીએ કરવાના થતા એમ.ઓ.યુ.નો મુસદ્દો મંજૂર કરવા બાબત અને તેવા અન્ય એમ.ઓ.યુ. વિશે વિચાર કરવા બાબત. (બિડાણ- ૪).**

ઠરાવ ક્રમાંક-૪ ગુજરાત આર્યુર્વેદિક યુનિવર્સિટી સાથે ચિલ્ડ્રન્સ યુનિવર્સિટીએ કરવાના થતા એમ.ઓ.યુ.નો મુસદ્દો સર્વાનુમતે મંજૂર કરવામાં આવે છે. વધુમાં ઠરાવવામાં આવે છે કે અન્ય સંસ્થાઓ સાથે કરવાના થતા એમ.ઓ.યુ.ના મુસદ્દાના મંજૂરી માટે મા.કુલપતિશ્રીને સત્તા આપવામાં આવે છે.

બાબત ક્રમાંકઃ૫- : **મા.કુલપતિશ્રીએ નાણાસમિતિએ કરેલ બાબત ક્રમાંક-૫(ડ)ના ઠરાવની ભલામણ મંજૂર કરેલ છે. મા.કુલપતિશ્રીનું કામ જાણ સારુ મૂકવા બાબત.**

ઠરાવ ક્રમાંક-૫ મા.કુલપતિશ્રીએ નાણાસમિતિએ કરેલ બાબત ક્રમાંક-૫(ડ)ના ઠરાવની ભલામણ મંજૂર કરેલ છે તે મા.કુલપતિશ્રીનુ કામ બાબતે એક્ઝિક્યુટીવ કાઉન્સિલના સભ્યશ્રીઓ દ્વારા નોંધ લેવામાં આવી.

બાબત ક્રમાંકઃ૬- : **યુનિવર્સિટીની શૈક્ષણિક તથા વહીવટી જગ્યાઓ માટે રાજ્ય સરકાર સાથે થયેલા પત્રવ્યવહાર બાબત.**

ઠરાવ ક્રમાંક-૬ યુનિવર્સિટીની શૈક્ષણિક તથા વહીવટી જગ્યાઓ માટે રાજ્ય સરકાર સાથે થયેલા તમામ પત્રવ્યવહાર એક્ઝિક્યુટીવ કાઉન્સિલના સભ્યશ્રીઓને ધ્યાને પર મૂકવામાં આવેલા હતા. આ અંગે સર્વાનુમતે ઠરાવવામાં આવે છે કે મા.કુલપતિશ્રીને એક્ઝિક્યુટીવ કાઉન્સિલ વતી રાજ્ય સરકાર સાથે મહેકમ મંજૂર કરવા તેમજ ભરતી કરવા અંગેની તમામ સત્તા આપવામાં આવે છે.

એક્ઝિક્યુટીવ કાઉન્સિલની મીટિંગ

તા.૦૬/૦૬/૨૦૧૪

બાબત ક્રમાંકઃ૭- : **અભ્યાસક્રમો મંજૂર કરવા, પરીક્ષાનું માધ્યમ, પરીક્ષા પદ્ધતિ બાબત. (બિડાણ-૫).**

ઠરાવ ક્રમાંક-૭ મા.કુલપતિશ્રીએ એકેડમિક કાઉન્સિલ વતી મંજૂર કરેલા અભ્યાસક્રમો, પરીક્ષાનું માધ્યમ, પરીક્ષા પદ્ધતિ સર્વાનુમતે મંજૂર કરવામાં આવે છે. વધુમાં સર્વાનુમતે ઠરાવવામાં આવે છે કે આ બાબતે આનુસંગિક તમામ કાર્યવાહી એક્ઝિક્યુટીવ કાઉન્સિલ વતી કરવા માટે મા.કુલપતિશ્રીને સત્તા આપવામાં આવે છે.

બાબત ક્રમાંકઃ૮- : **પીએચ.ડી(Ph.D)ના નિયમો મંજૂર કરવા બાબત.**

ઠરાવ ક્રમાંક-૮ પીએચ.ડી(Ph.D)ના નિયમો બાબતે આથી સર્વાનુમતે ઠરાવવામાં આવે છે કે પીએચ.ડી(Ph.D)ના નિયમો સ્વીકારીને મંજૂર કરવામાં આવે છે. નિયમોના અર્થઘટન માટે મા.કુલપતિશ્રીને સત્તા આપવામાં આવે છે.

બાબત ક્રમાંકઃ૯- : **સંલગ્ન પ્રાધ્યાપકો (Adjunct Professor)ના નિયમો મંજૂર કરવા બાબત.**

ઠરાવ ક્રમાંક-૯ સંલગ્ન પ્રાધ્યાપકો (Adjunct Professor)ના નિયમો સર્વાનુમતે મંજૂર કરવામાં આવે છે. નિયમોના અર્થઘટન માટે મા.કુલપતિશ્રીને સત્તા આપવામાં આવે છે.

બાબત ક્રમાંકઃ૧૦- : **ડોક્યુમેન્ટરી ફિલ્મ બનાવવાની પ્રક્રિયાના પ્રાયોગિક પ્રશિક્ષણ માટેના વર્કશોપ બાબત.**

ઠરાવ ક્રમાંક-૧૦ આથી સર્વાનુમતે ઠરાવવામાં આવે છે કે ડોક્યુમેન્ટરી ફિલ્મ બનાવવાની પ્રક્રિયાના પ્રાયોગિક પ્રશિક્ષણ માટેના વર્કશોપનું યુનિવર્સિટી દ્વારા આયોજન કરવુ અને તેની આનુસંગિક તમામ કાર્યવાહી માટે મા.કુલપતિશ્રીને સત્તા આપવામાં આવે છે.

એક્ઝિક્યુટીવ કાઉન્સિલની મીટિંગ

તા.૦૬/૦૬/૨૦૧૪

બાબત ક્રમાંકઃ૧૧- : ઇ-જર્નલ બાબત.

ઠરાવ ક્રમાંક-૧૧ આથી સર્વાનુમતે ઠરાવવામાં આવે છે કે ઇ-જર્નલ/રીસર્ચ જર્નલ પ્રકાશિત કરવા યુનિવર્સિટીએ કાર્યવાહી કરવી અને તેની આનુસંગિક કાર્યવાહી કરવા માટે મા.કુલપતિશ્રીને સત્તા આપવામાં આવે છે.

બાબત ક્રમાંકઃ૧૨- : આંતરરાષ્ટ્રીય કોન્ફરન્સ યોજવા બાબત.

ઠરાવ ક્રમાંક-૧૨ આંતરાષ્ટીય કોન્ફરન્સ યોજવા બાબતે સર્વાનુમતે સૈધ્ધાંતિક મંજૂરી આપવમાં આવે છે.

બાબત ક્રમાંકઃ૧૩- : અધ્યક્ષ સ્થાનેથી જે રજૂ થાય તે..

ઠરાવ ક્રમાંક-૧૩ અધ્યક્ષ સ્થાનેથી કોઇ બાબત મુકવામાં આવેલી નથી.

તારીખઃ ૦૬/૦૬/૨૦૧૪
સ્થળઃ- ચિલ્ડ્રન્સ યુનિવર્સિટી,
સુભાષચંદ્ર બોઝ શિક્ષણ સંકુલ, સેકટર-૨૦,ગાંધીનગર

કુલસચિવશ્રી (I/C)